# પ્રકરણ ૧ ઉચ્ચત્તમ HTML ફોર્મ અને ફ્રેમ

૧ HTML નું પુરું નામ જણાવો.:–Hyper Text Mark Up Language

૨ કયા ઘટકોનો ઉપયોગ કરીને સંવાદિત(Interactive) વેબપેજ બનાવી શકાય છે.:–Form & Frame

૩ વેબપેજ કઈ ભાષમાં બનાવવામાં આવે છે.:-HTML

૪ HTMLના પેજની રચના કરવા શેનો ઉપયોગ કરવામાં આવે છે.:–ટેગ

૫ ટેગ શેના વચ્ચે લખવામાં આવે છે.:–< >

૬ ટેગ કેટલા પ્રકારના હોય છે.:–યુગ્મ અને અયુગ્મ

૭ જે ટેગમાં પ્રારંભિક અને અંતિમ ટેગ ઉમેરવામાં આવે છે, તેને કયો ટેગ કહેવામાં આવે છે.:–યુગ્મ(Container, Paired)

૮ ટેગ શેનો બનેલો હોય છે.:–ઘટક, લાક્ષણિકતા અને કિમંતોનો

૯ ટિકિટના આરક્ષણ માટે કે શાળા કોલેજના પ્રવેશ માટે શેની જરૂર પડે છે.:– ફોર્મ(પત્રક)

૧૦ ઈન્ટરનેટના ઉપયોગના કારણે મુદ્રિત ફોર્મનું સ્થાન કયા ફોર્મએ લીધુ છે.:–વિજાણું

૧૧ સર્વરને વિગતો મોકલવા કે અપેક્ષિત માહિતી મેળવવા શેનો ઉપયોગ કરવામાં આવે છે.:–ફોર્મ

૧૨ ફોર્મને કેટલા ભાગમાં વિભાજિત કરવામાં આવે છે.:–ત્રણ ૧ ફોર્મ કન્ટેનર ૨ નિયંત્રણ ઘટક ૩ બટન

૧૩ Form ની રચના કરવા કયા ટેગનો ઉપયોગ કરવામાં આવે છે.:–<Form>

૧૪ કયો ટેગ ફોર્મના પ્રારંભ અને અંતનો નિર્દેશ કરે છે.:–<Form>…………..</form>

૧૫ ફોર્મનો સમાવેશ દસ્તાવેજના કયા ટેગની અંદર કરવામાં આવે છે.:–<Body>

૧૬ ઉપયોગકર્તાને વિગતો ઉમેરવાની સુવિધા કોન પુરી પાડે છે.:–ફોર્મ નિયંત્રણ ઘટકો અથવા નિવેશ નિયંત્રણો(Input Controls)

૧૭ ફોર્મમાં મોટા ભાગના નિવેશ કયા ટેગના ઉપયોગ દ્વારા કરવામાં આવે છે.:–<Input>

૧૮ <Input> ટેગની સાથે કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.:–Type અને Name

૧૯ ઉપયોગકર્તા દ્વારા ઉમેરવામાં આવનાર વિગતોના પ્રકારનો નિર્દેશ કઈ લાક્ષણિકતા કરે છે.:–Type

૨૦ નિવેશ વિગતોના કેટલા પ્રકાર છે.:–6

૨૧ Input ટેગની કઈ લાક્ષણિકતા નિવેશ ઘટક માટેના અનન્ય નામને વ્યાખ્યાયિત કરે છે.:–Name

૨૨ ફોર્મમાં ઉમેરવામાં આવતી માહિતીને યથાસ્થાને પહોચાડવા માટે કયા બટનનો ઉપયોગ કરવામાં આવે છે.:–Submit

૨૩ ફોર્મમાં ઉપયોગકર્તા કયા બટન ઉપર કિલક આપી જરૂરી વિગતોને સર્વર સુધી પહોચાડી શકે છે.:–Submit

૨૪ Input ટેગની કઈ લાક્ષણિકતા નિયંત્રણની ઓળખ આપે છે.:–Name

૨૫ ફોર્મમાં આવેલ તમામ નિયંત્રણોના નામ કેવા હોવા જરૂરી છે.:–અનન્ય

૨૬ ટેકસ્ટ બોકસમાં પૂર્વનિર્ધારિત સમાવિષ્ટ લખાણને વ્યાખ્યાયિત કરવા કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આ વે છે.:–Value

૨૭ Input ટેગની કઈ લાક્ષણિકતાઓ વૈકલ્પિક છે.:–Value, Size

૨૮ જો Input ટેગમાં Value લાક્ષણિકતાનની કોઈ કિમંત દર્શાવવામાં ન આવેતો શુ દર્શાવવામાં આવે છે.:–કોઈ લખાણ દર્શાવવામાં આવતુ નથી

૨૯ Input ટેગમાં ટેકસ્ટ બોકસમાં ઉમેરી શકાય તેવા અક્ષરોની કુલ સંખ્યાનો નિર્દેશ કઈ લાક્ષણિકતા કરે છે.:–Size

૩૦ જો Input ટેગમાં Size લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં ન આવે તો ટેકસ્ટ બોકસનું કદ કેટલું હોય છે.:–૨૦ અક્ષર જેટલું

૩૧ ટેકસ્ટ બોકસમાં અક્ષરોની મહત્તમ સંખ્યાનો નિર્દેશ કઈ લાક્ષણિકતા કરે છે.:–Maxlength

૩૨ જો લાક્ષણિકતા ની કિમંત કરતા ટેકસ્ટ બોકસનું કદ નાનું હશે તો લખાણ ટેકસ્ટ બોકસમાં શું થશે?:– આગળ વધતું રહશે.

૩૩ Maxlength લાક્ષણિકતા ની કિમંતને કઈ લાક્ષણિકતા સાથે કોઈ સંબઘ નથી:–Size, Value

૩૪ ફોર્મમાં ઉપયોગકર્તાને વઘુ અક્ષરો દાખલ કરતો રોકવા કઈ લાક્ષણિકતા ઉપયોગી છે.:–Maxlength

૩૫ <Input type=text size=40 maxlength=50> હોય તો યુઝર .............. અક્ષરો દાખલ કરી શકશે પરંતુ ............. દર્શાવાશે. :–50,40

૩૫ ટેકસ્ટ બોકસમાં પાસવર્ડ દર્શાવવા માટે Type લાક્ષણિકતાની કઈ કિમંત દર્શાવવામાં આવે છે.:–Password

૩૬ Input ટેગમાં Type લાક્ષણિકતાની કઈ કિમંત વડે પાસવર્ડ બોકસ બને છે.:–Password

૩૭ પાસવર્ડ બોકસમાં માહિતી કયા પ્રકારે દર્શાવાશે.:–ટપકાં, ફુદડી, ચોરસ

૩૮ ફોર્મમાં ચિત્ર ઉમેરવાની જરૂર પડે છે, ત્યારે Input ટેગની Type લાક્ષણિકતાની કઈ કિમંતનો ઉપયોગ કરવામાં આવે છે.:–File

૩૯ માત્ર એકજ વિકલ્પ પસંદ કરવા કયા રેડિયો બટનનો ઉપયોગ કરવામાં આવે છે.:–Radio
૪૯ ફોર્મમાં રેડિયો બટનનો દેખાવ કેવો હોય છે.:–નાના વર્તુળ જેવો હોય છે.
૫૦ રેડિયો બટનને પહેલેથી પસંદ થયેલો દર્શાવવા કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.:–Checked
૫૧ શુન્ય અથવા એક કરતા વધુ વિકલ્પો પસંદ કરવા કયા બટનનો ઉપયોગ કરવામાં આવે છે.:–Checkbox
૫૨ ચેક બોકસ પસંદ કરવા માટે શેની નિશાની મુકવામાં આવે છે.:–ખરાની
૫૩ ચેક બોકસની પૂર્વનિર્ધારિત સ્થિતિ પસંદ કરવા Input ટેગની કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.:–Checked
૫૩ પુલડાઉન મેનુ બનાવવા કયા ટેગનો ઉપયોગ કરવામાં આવે છે.:–<Select>
૫૪ પુલ ડાઉન મેનુમાં દર્શાવવામાં આવતા વિકલ્પ માટે કયા ટેગનો ઉપયોગ કરવામાં આવે છે.:–<option>
૫૫ પુલડાઉન મેનુંમાં પૂર્વનિર્ધારિત રીતે કોઈ વિકલ્પને પસંદ કરવા કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.:–Selected
૫૬ જો Selected લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં ન આવેતો પુલડાઉન મેનુમાં શુ દર્શાવવામાં આવે છે.:–યાદીનો પ્રથમ અક્ષર
૫૭ <Select> ટેગની સાથે કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરી પુલડાઉન મેનુને ખોલ્યા સિવાય એકથી વધુ વિકલ્પો દર્શાવી શકાય છે.:–Size
૫૮ પુલડાઉન મેનુ માં એકથી વધુ વિકલ્પો પસંદ કરવા Select ટેગની સાથે કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.:–Multiple
૫૯ પુલડાઉન મેનુમાં એકથી વધુ વિકલ્પો પસંદ કરવા કઈ કી દબાવી રાખવી પડે છે.:–Ctrl
૬૦ ફોર્મમાં એકથી વધુ પંકિતઓનું લખાણ ઉમેરવા કે નોંધ જેવી બાબતો ઉમેરવા કયા ટેગનો ઉપયોગ કરવામાં આવે છે.:–<Textarea>
૬૧ <Textarea> ટેગની સાથે તેનુ કદ નિયંત્રિત કરવા માટે કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.:–Rows & Cols
૬૧ વેબપેજમાં બટન ઉમેરવા માટે Input ટેગની Type લાક્ષણિકતાને કઈ કિમંત આપવામાં આવે છે.:–Button
૬૨ ફોર્મમાં બટન પર કિલક આપવાથી તેની અસર કયારે જોઈ શકાશેઃ–જયાં સુધી બટનને સ્ક્રિપ્ટ કે ઘટના સંચાલક સાથે સાંકળી શુ નહીં ત્યા સુધી
૬૩ ફોર્મની વિગતોને સર્વર સુધી પંહોચાડવા માટે કયા બટનનો ઉપયોગ કરવામાં આવે છે.:–Submit
૬૪ ફોર્મમાં ભરેલી વિગતો કાઢી નાંખવા અથવા ફરીથી લખવા કયા બટનનો ઉપયોગ કરવામાં આવે છે.:–Reset
૬૫ ફોર્મ ટેગ સાથે કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.:–Name, Action, Method
૬૬ ફોર્મને ચૌક્કસ નામ આપવા કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.:–Name
૬૭ ફોર્મ ટેગમાં Name લાક્ષણિકતાનું નામ કેવુ હોવુ જરૂરી છે.:– અનન્ય
૬૮ ફોર્મ સબમિટ કર્યા પછી ક્રિયાઓના નિયંત્રણ માટે ટેગની સાથે કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.:–Action
૬૯ ફોર્મની વિગતોનું પૃથ્થકરણ માટે કયા પ્રોગ્રામનો ઉપયોગ કરવામાં આવે છે.:–CGI, ASP, PHP
૭૦ ફોર્મને કઈ રીતે સબમિટ કરવાનું છે તે કઈ લાક્ષણિકતા દ્વારા નક્કી કરવામાં આવે છે.:–Method
૭૧ Get અને Post કઈ લાક્ષણિકતા દ્વારા સ્વિકારવામાં આવતી કિમંતો છે.:–Method
૭૨ Get અને Post એવી કઈ પદ્ધતિઓ છે કે જેના દ્વારા બ્રાઉઝર સર્વરની સાથે સંવાદ કરી શકે છે.:–HTTP
૭૩ ફોર્મમાં જો મેથડ લાક્ષણિકતાનો ઉલ્લેખ કરવામાં ન આવેતો મોટા ભાગના બ્રાઉઝર પૂર્વનિર્ધારિત રીતે કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરે છે.:–Get
૭૪ કઈ પદ્ધતિ ફોર્મનો ડેટા Action લાક્ષણિકતામાં નિશ્ચિત કરેલURLની પાછળ ઉમેરે છે.:–Get
૭૫ કઈ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે ત્યારે એડ્રેસ બારમાં કવેરી પ્રકારની કિમંતો જોવા મળતી નથીઃ–Post
૭૬ કઈ પદ્ધતિ ડેટાને URLથી અલગ રાખે છે.:–Post
૭૭ રજુ કરવામાં આવેલી વિગતો સર્વર પરના ડેટાબેઝને બદલવા માટેની હોય ત્યારે કઈ પદ્ધતિનો ઉપયોગ કરવામં આવે છે.:–Post
૭૮ રજુ કરવામં આવેલી વિગતો શોધ એન્જિનને આપવામં આવેલી કવેરી પ્રકારની હોય ત્યારે કયા પ્રકારની પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.:–Get
૭૯ સામાન્ય રીતે લિંકનો રંગ કેવો હોવો જોઈએઃ–ભુરો(
૮૦ મુલાકાત લીધેલ હોય તેવી લિંકનો રંગ કેવો હોવો જોઈએ.:–જાંબલી()
૮૧ સક્રિય લિંકનો રંગ કેવો હોવો જોઈએઃ–લાલ
૮૨ CSSનું પુરુ નામ લખો.:–Cascading Style Sheet
૮૩ <style>ટેગનો ઉપયોગ કયા ટેગની વચ્ચે કરવામાં આવે છે.:–<head>
૮૪ કયા વિધાન દ્વારા બ્રાઉઝરને જાણ કરવામાં આવે છે, કે CSS નો ઉપયોગ કરવામાં આવ્યો છે.:–<style type=”Text/css”>

૮૫ CSS ની વાકય રચના કેટલા ભાગ દ્વારા બનાવવામાં આવે છે.:–ત્રણ ૧પસંદગીકાર (Selector) ૨ ગુણધર્મ (Property) ૩ કિંમત(Value)

૮૬ CSS વાકય રચનામાં પસંદગીકાર તરીકે કયા ટેગને વ્યાખ્યાયિત કરવામાં આવે છે. :–HTML

૮૭ CSS વાકય રચના માં કઈ એવી લાક્ષણિકતા છે જેને આપણે બદલવા માંગીએ છે.:–ગુણધર્મ(Property)

૮૮ CSS માં ગુણધર્મ અને કિમંતને કઈ નિશાની દ્વારા છુટા પાડવામાં આવે છે.:–વિસર્ગ(Colon)

૮૯ CSSમાં એકથી વધુ ગુણધર્મનો ઉપયોગ કરવામાં આવે તો કઈ નિશાનની દ્વારા છુટા પાડવામાં આવે છે.:–અર્ધવિરામ(Semicolon)

૯૦ h1{font-size:30;color:green}વાકય રચના માં કઈ કિમંત છે.:–30

૯૧ h1{font-size:30;color:green} વાકય રચના માં ગુણધર્મ છે.:–Font-size & color

૯૨ વેબસાઈટ કે વેબપેજનો બાહ્ય દેખાવ એકસરખો રાખવા શું ઉપયોગી છે.:–style sheet

૯૩ કયા ટેગમાં સ્ટાઈલને લગતા નિયમો નિર્દેશિત થાય છે.:–<style>

૯૪ CSS ફાઈલના અમલની માહિતી કયા વિભાગમાં લખાય છે.:–<head>

૯૫ CSSમાં આવેલ લખાણને જમણી બાજુ ગોઠવવા text-align લાક્ષણિકતાની કઈ કિંમતનો ઉપયોગ કરવામાં આવે છેઃ–right

૯૬ CSS માં Text-Align લાક્ષણિકતાની કઈકઈ કિમંતો આપી શકાય.:–left, right, center, justified

૯૭ CSS માં કઈ લાક્ષણિકતાનો ઉપયોગ લખાણની પહોળાઈ માટે થાય છે.:–width

૯૮ CSSમાં width લાક્ષણિકતાની કિમંત શેમાં આપી શકાય છે.:–પિકસેલ, પોઈન્ટ કે સ્ક્રિનના માપના ટકામાં

૯૯ ઘટકનો દેખાવ નિશ્ચત કરવા કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.:–Display

૧૦૦ Display લાક્ષણિકતાની કઈ કિમંત અનુસાર ઘટકની પહેલા અને પછી નવી પંકિત શરૂ કરવામાં આવે છે.:–Block

૧૦૧ Display લાક્ષણિકતાને કઈ કઈ કિમંતો આપી શકાય છે.:–Block, Table, None, List-item

૧૦૨ CSSમાં લખાણને સ્ક્રિન ઉપર ચૌક્કસ જગ્યા એ ગોઠવવા કઈ લાક્ષણિકતાનો ઉપયોગ થાય છે.:–Float

૧૦૩ CSSમાં Clear લાક્ષણિકતાની કઈ કિમંત દ્વારા કોઈ પણ તરલ ઘટકોને ડાબી બાજુ સમાવવામાં આવશે નહીંઃ–Left

૧૦૪ CSSમાં Clear લાક્ષણિકતાને કઈ કઈ કિમંતો આપી શકાય છે.:–Left, Right, Both, None

૧૦૫ CSSમાં કઈ લાક્ષણિકતા વડે ફોન્ટનું કદ નક્કી થાય છે.:–Font-size

૧૦૬ CSSમાં કઈ લાક્ષણિકતા વડે ફોન્ટનો પ્રકાર દર્શાવી શકાય છે.:–Font-Family

૧૦૭ CSSમાં કઈ લાક્ષણિકતા વડે બે લીટી વચ્ચેનું અંતર દર્શાવાય છે.:–Line-height

૧૦૮ બે અથવા બે થી વધારે વિભાગોને એકજ પાના માં વિભાજીત કરવા શેનો ઉપયોગ થાય છે.:–ફ્રેમ

૧૦૯ ફ્રેમ્સ વિશેનો આધાર કઈ કંપની એ આપ્યો હતો.:–Netscape

૧૧૦ દસ્તાવેજમાં કયા ઘટક (ટેગ)દ્વારા દસ્તાવેજની તમામ માહિતી ઉમેરવામાં આવે છે.:–<Body>

૧૧૧ ફ્રેમ સેટ ધરાવતા દસ્તાવેજમાં Body ટેગની જગ્યા એ કયા ટેગનો ઉપયોગ કરવામાં આવે છે.:–<Frameset>

૧૧૨ દસ્તાવેજમાં ઉમેરવામાં આવેલ ફ્રેમની સંરચના અને તેમા આપેલ માહિતી એગેની જાણકારી બ્રાઉઝરને શેના દ્વારા આપવામાં આવે છે.:–ફ્રેમસેટ

૧૧૩ દસ્તાવેજમાં દરેક ફ્રેમનું કદ અને સ્થાન નક્કી કરવા કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.:–Rows & Cols

૧૧૪ દસ્તાવેજમાં લંબરૂપ(Vertical) ફ્રેમ બનાવવા કઈ લાક્ષણિકતાનો ઉપયોગ થાય છે.:–Cols

૧૧૫ દસ્તાવેજમાં સમક્ષિતિજ (Horizontal)ફ્રેમ બનાવવા કઈ લાક્ષણિકતાનો ઉપયોગ થાય છે.:–Rows

૧૧૬ <frameset> ટેગમાં Rows નું કાર્ય શું છે?:–સમક્ષિતિજ ફ્રેમો માટે

૧૧૭ <frameset>ટેગમાં Cols નું કાર્ય શું છે.?:–શિરોલંબ ફ્રેમો માટે

૧૧૮ ફ્રેમમાં ખોલવામાં આવનાર દસ્તાવેજનો નિર્દેશ <Frame>ટેગ સાથે ઉપયોગમાં લેવામાં આવેલી કઈ લાક્ષણિકતા દ્વારા કરવામાં આવે છે.:–src

૧૧૯ <frameset cols=30%,30%,*>આપવાથી કેટલી ફ્રેમો બનશેં.:–3

૧૨૦ બ્રાઉઝર ફ્રેમને આધાર આપતા નહોય ત્યારે કયા ટેગનો ઉપયોગ કરવામાં આવેછે.:–<Noframes>

૧૨૧ <noframes>ટેગનો ઉપયોગ કયા ટેગની અંદર કરવામાં આવે છે.:–<frameset>

૧૨૨ દસ્તાવેજમાં ફ્રેમનું કદ વ્યાખ્યાયિત કરવા માટે કેટલી પદ્ધતિ ઉપયોગી બને છે.કઈ કઈ :–ચાર ૧ કિમંતોનો ટકાના સ્વરૂપમાં ઉપયોગ કરીને ૨) સાપેક્ષ કિમંતોનો ઉપયોગ કરીને ૩) નિરપેક્ષ કિમંતોનો ઉપયોગ કરીને ૪) સંયુકત કિમંતો નો ઉપયોગ કરીને

૧૨૩ <frameset rows="60%,40%"> આપેલ હોય તો :– પ્રથમ ફ્રેમ બ્રાઉઝરનો 60% ભાગ તથા બીજી ફ્રેમ બ્રાઉઝરનો 40% ભાગ ફાળવવામાં આવશે.

૧%૪ <frameset rows= "2*,*"> આપેલ હોય તો :–પ્રથમ ફ્રેમને બ્રાઉઝરનો બે તૃતિયાંશ ભાગ તથા બીજી ફ્રેમને બ્રાઉઝરનો બાકી રહેલો ભાગ ફાળવવામાં આવશે.

૧૨૫ <frameset rows= "200,*">આપેલ હોય તોઃ– પ્રથમ ફ્રેમને બ્રાઉઝરના 200 પિકસેલ જેટલી જગ્યા તથા બાકીની તમામ જગ્યા બીજી ફ્રેમને ફાળવવામાં આવશે.

૧૨૬ નિશ્ચિત ફ્રેમમાં કઈ ફાઈલની વિગતો દર્શાવવાની છે.તે નક્કી કરવા કયા ટેગનો ઉપયોગ કરવામાં આવે છે.:–<Frame>

૧૨૭ <frame> ટેગ સાથે કઈ કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.:–src, name, frameborder, bordercolor, marginwidth, marginhight, scrolling, norsize

૧૨૮ ફ્રેમ ટેગની કઈ લાક્ષણિકતા ફ્રેમમાં દર્શાવવાની વિગતો કે ફાઈલનો નિર્દેશ કરે છે.:–src

૧૨૯ જો Frame ટેગમાં Srcલાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં ન આવે તોઃ–બ્રાઉઝર ખાલી ફ્રેમ દર્શાવે છે.

૧૩૦ ફ્રેમને નામ આપવા કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.:–Name

૧૩૧ ફ્રેમની આજુબાજુ સીમારેખા દર્શાવવા કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.:–Frameborder

૧૩૨ ફ્રેમમાં Frameborder લાક્ષણિકતાની પૂર્વનિર્ધારિત કિંમત કઈ હોય છે.:–1(one)

૧૩૩ ફ્રેમમાં Frameborder લાક્ષણિકતાની કઈ કઈ કિંમત આપી શકાય છે.:–0 & 1

૧૩૪ ફ્રેમની સીમારેખા ન દર્શાવવાની હોય તો Frameborder લાક્ષણિકતાનીકઈ કિમંત આપવામાં આવે છે.:–0 [Zero]

૧૩૫ દરેક સ્વતંત્ર ફ્રેમને કલર આપવા કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.:–Bordercolor

૧૩૬ જો Frameborder લાક્ષણિકતાની કિંમત શુન્ય હોય તોઃ–Bordercolorલાક્ષણિકતાની કોઈ અસર જોવા મળતી નથી

૧૩૭ ફ્રેમની ડાબી કે જમણી સીમારેખા વચ્ચેનું સમક્ષિતિજ અંતર પિસેલમાં નક્કી કરવા માટે કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.:–Marginwidth

૧૩૮ Marginwidth લાક્ષણિકતાની કિમંત કેટલી હોવી જરૂરી છે.:–શુન્ય પિકસેલ થી વધારે

૧૩૯ ફ્રેમની ઉપર કે નીચે સીમારેખા વચ્ચેનું સમક્ષિતિજ અંતર પિસેલમાં નક્કી કરવા માટે કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.:–Marginheight

૧૪૦ Marginheight લાક્ષણિકતાની કિમંત કેટલી હોવી જરૂરી છે.:–શુન્ય પિકસેલથી વધારે

૧૪૧ ફ્રેમમાં સ્કલબાર હોવું જોઈએ કે નહીં તે લાક્ષણિકતા દ્વારા નક્કી કરવામાં આવે છે.:–scrolling

૧૪૨ ફ્રેમ ટેગની scrolling લાક્ષણિકતાની કઈ કઈ કિંમત આપવામાં આવે છે.:–yes, no , auto

૧૪૩ scrolling લાક્ષણિકતાની કઈ કિંમત ફ્રેમને હંમેશાં સ્ક્રોલબાર સાથે દર્શાવે છે.:–yes

૧૪૪ scrollingલાક્ષણિકતાની કઈ કિંમત ફ્રેમને હંમેશાં સ્ક્રોલબાર સાથે નહી દર્શાવે.:–no

૧૪૫ scrolling લાક્ષણિકતાની પૂર્વનિર્ધારિત કિંમત કઈ હોય છે.:–Auto

૧૪૬ scrolling લક્ષણિકતાની કિંમત શુ રાખવાથી બ્રાઉઝર જરૂરિયાત પ્રમાણે આપમેળે સ્ક્રોલબાર મુકે છે.:–auto

૧૪૭ ફ્રેકની સાથેnoresize લાક્ષણિકતાનો ઉપયોગ શું છે.:–ઉપયોગકર્તા ફ્રેમનુ કદ બદલી ન શકે તેવું રાખવા માટે.

૧૪૮ લિંક આપવામાટે કયા ટેગનો ઉપયોગ કરવામાં આવે છે.:–<a>

૧૪૯ હાઈપર લિંકનું લક્ષ નક્કી કરવા માટે<a>ટેગની સાથે કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે.:–Target

૧૫૦ જો ફ્રેમમાં Target લાક્ષણિકતાની કિમંત Blank આપવામાં આવે તો ફ્રેમમાં આપેલ લિંક કઈ જગ્યાએ ખુલશે.:–નામરહિત બ્રાઉઝર વિન્ડોમાં ખુલશે.

૧૫૧ જો ફ્રેમ માં Target લાક્ષણિકતાની કિમંત self આપવામાં આવે તો ફ્રેમમાં આપેલ લિંક કઈ જગ્યાએ ખુલશે.:–જે વિન્ડોમાં લિંકનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે જ વિન્ડોમાં ખુલશે

૧૫૨ જો ફ્રેમ માં Target લાક્ષણિકતાની કિમંત Parentઆપવામાં આવે તો ફ્રેમમાં આપેલ લિંક કઈ જગ્યાએ ખુલશે.:–લિંકને તેની ફ્રેમના ફ્રેમસેટમાં ખોલવામાં આવશે.

૧૫૩ જો ફ્રેમ માં Target લાક્ષણિકતાની કિમંત topઆપવામાં આવે તો ફ્રેમમાં આપેલ લિંક કઈ જગ્યાએ ખુલશે.:–આકિમંત દ્વારા દસ્તાવેજ એક મૂળભૂત ફ્રેમ રહિત વિન્ડોમાં ખુલે છે.

૧૫૪ જે ફ્રેમોમાં કિનારી અને જગ્યા નહોય તેવી ફ્રેમોને કેવી ફ્રેમ કહે છે.:–સળંગ

૧૫૫ કઈ ફ્રેમમાં Frameborder=0 ,framespacing=0 જરૂરી છે.:–સળંગ

૧૫૬ કઈ ફ્રેમમાં ઓછામાં ઓછી એક ફ્રેમ અન્ય ફ્રેમોમાં સમાયેલી હોય છે.:–નેસ્ટેડ

૧૫૭ ચૌક્કસ હારને અસંખ્ય સ્તંભોમાં વિભાજીત કરવામાં આવે તેને શું કહે છે.:–નેસ્ટેડ ફ્રેમ

૧૫૮ ફ્રેમનો ઉપયોગ કઈ રીત તરીકે કરવામાં આવે છે.:–નેવિગેશન ટુલ

૧૫૯ ફ્રેમના ઉપયોગના ફાયદાઓ જણાવો.:–૧)ફ્રેમમાં એક સળંગ વિન્ડોમાં અસંખ્ય પાનાઓ દર્શાવી શકાય છે. ૨)ફ્રેમ મુખ્ય પેઈજની કેટલીક વિષય વસ્તુને સ્થિર અને કેટલીક વિષયવસ્તુને ગતિશીલ રાખી શકે છે. ૩) અસરકારક નેવિગેશન પદ્ધતિઓ અને ગતિશીલ લે આઉટની રચના માટે ફ્રેમ આકર્ષક ટુલ પુરુ પાડે છે. ૪) ફ્રેમના કારણે ડાઉનલોડનો સમય ખુબ ઓછો લાગે છે.

૧૬૦ ફ્રેમના ઉપયોગના ગેરફાયદાઓઃ–૧)લિંક અને ફ્રેમની સંખ્યાને મેન્ટેન કરવામાં ખુબજ કાળજી રાખવી પડે છે. ૨) ફ્રેમની વિષયવસ્તુ વાંરવાર બદલાતી હોય ત્યારે ફ્રેમ ડાઉનલોડ થવામાં ખુબજ સમય લે છે. ૩)ફ્રેમના કારણે દસ્તાવેજને જોવાની જગ્યા ઘણી ઓછી રહે છે.

૧૬૧ <form action= “http://www.ugc.gov/query.php>વિધાન ફોર્મમાં ઉમેરેલી વિગતોને સર્વર પર આવેલા કયા વેબપેજને મોકલે છે.:–query.php નામના PHP